# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી નિમિતે મહિલા શિબિરની ઉજવણી

ભારતીય કૃષિ અનુસંધાન પુરસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ખાતે નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના અધ્યક્ષ સ્થાને તા. ૭/૮/૧૪ના રોજ વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી નિમિતે મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓગસ્ટ મહિનાનું પ્રથમ સપ્તાહ એ વિશ્વસ્તનપાન સપ્તાહ તરીકે ઉજવાય છે. જે અંતર્ગત ગ્રામિણ મહિલાઓમાં સ્તનપાન માટે જાગૃતિ કેળવાય અને બાળકોનું સ્વાસ્થય સુધરે તે હેતુથી મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. શિશુ માટે માતાનું દૂધ શ્રેષ્ઠ આહાર ગણાય છે. શિશુને પોષકતત્વની જરૂરીયાત પૂરી કરવા માટે માતાનું દૂધ સૌથી વધુ અનુકૂળ હોય છે. તે શિશુના શારિરીક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે ખૂબ જ અગત્યનું છે. સમાજમાંથી કુપોષણ નિવારવામાં માટે ખૂબ જ જરૂરી છે. કારણ કે શિશું અવસ્થામાં મળતાં પોષણ દ્વારા બાળકના ભવિષ્યના સ્વાસ્થયનો આધાર રહેલો છે.

અધ્યક્ષ સ્થાનેથી ડાં. જી.આર. પટેલે જણાવ્યુકે ચાલુ વર્ષના આ સપ્તાહનો થીમ "માતાનું દૂધ એ જીદગી જીતવાનું અમૃત" આ થીમ આધારે સ્વયં કૃષિના વૈજ્ઞાનિક હોવા છતાં ઈન્ટરનેટના માધ્યમ થકી માતાના દૂધનું શું મહત્વ અને શું વિશેષતા છે તે જણાવ્યું હતું વધુમાં માતાઓને થતાં સ્તન કેન્સર, ગર્ભાશયના કેન્સર, પાન્ડુરોગ જેવા રોગથી બચવા માટે બાળકેને ફીડીંગ કરાવવાની મહત્તા સમજાવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આવા પ્રોગ્રામોનું આયોજન કરે છે જે ખૂબ જ સહારનીય બાબત જણાવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વડા ડાં. સી.કે. ટીમ્બડીયાએ મહાનુભાવો તથા લાભાર્વિત મહિલાઓનું શાબ્દિક સ્વાગત કરી અને આજની શિબિરનું હાર્દ સમજાવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાંત શ્રીમતી ગીતાબેન ભીમાણીએ સ્તનપાનનું મહત્વ અને બાળ આરોગ્ય વિશે સવિષ્તૃત માહિતી આપી હતી. બાળ સુરક્ષા અધિકારી શ્રીમતી હેમલતાબેને બાળ ગુનેગારો કેવી રીતે અટકાવી શકાય અને બાળકો માટેની બાળ અદાલતો વિશેની સદ્રષ્ટાંત માહિતી આપી હતી. અબ્રામા પી.એચ.સી.ના મેડીકલ ઓફીસરશ્રી ડાં. ભાવેશભાઈ પટેલે માતાના દૂધનું મહત્વ અને તેના ફાયદાઓ જણાવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. આ મહિલા શિબિરમાં આશરે ૧૧૦ બહેનો હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.








TO
KRISHI VIGYAN KENDRA
Navsari Agricultural University
" વિશ્વ સ્તનપાન સપ્તાહ ઉજવણી "
અંતર્ગત